# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/078 Dt. 31/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## અમેરિકા દ્વારા ભારત પર ૨૫% ટેરીફની જાહેરાતને કારણે સુરતથી ટેક્ષ્ટાઇલ, ડાયમંડ તથા જેમ્સ એન્ડ જ્વેલરીના એક્ષ્પોર્ટને અસર થશે

**સુરતઃ** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગતરોજ ભારત પર ૨૫% ટેરીફ તથા પેનલ્ટીની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ અમેરિકા દ્વારા હાલમાં કોઈપણ સાઉથ એશિયન દેશો પર લગાવવામાં આવેલા ટેરિફમાં સૌથી વધુ ટેરીફ ભારત પર લગાવવામાં આવી છે, જેની સીધી અસર ભારતની ઇકોનોમીને તથા ખાસ કરીને સુરતથી ટેક્ષ્ટાઇલ, ડાયમંડ તથા જેમ્સ એન્ડ જ્વેલરીના એક્ષ્પોર્ટ પર થશે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪–૨૫માં ભારતથી અમેરિકા ખાતે ૮૬.૫૧ બિલિયન યુએસ ડોલરનો કુલ એક્ષ્પોર્ટ થયો હતો. ગત વર્ષે જ ભારતથી અમેરિકામાં થતા કુલ એક્ષ્પોર્ટમાં ૧૧.૫૦ ટકાનો વધારો પણ નોંધાયો હતો. જો કે, ગઇકાલે અમેરિકા દ્વારા ભારત પર ૨૫% ટેરીફ તથા પેનલ્ટીની જાહેરાતને કારણે ભારતથી અમેરિકા ખાતે થતા એક્ષ્પોર્ટ પર તેની સીધી અસર પડવાની છે. અમેરિકાના ટેરીફને કારણે ભારતનો કુલ જીડીપી વિકાસ દર અડધો ટકા ઘટવાની સંભાવના હાલમાં જણાઇ રહી છે.

એક રિસર્ચ અનુસાર, અમેરિકા દ્વારા ભારત પર ૨૫% ટેરીફની જાહેરાતને પગલે ભારતથી ઓછામાં ઓછું ૧૨ ટકા ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ ઘટવાની શકયતા છે. ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે અંદાજિત ૧.૫ બિલિયન યુએસ ડોલરનું એક્ષ્પોર્ટ ઘટવાની શકયતા છે, જેમાં સૌથી મોટી અસર એમએમએફ ટેક્ષ્ટાઇલને થશે. સુરત ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે એમએમએફ ટેક્ષ્ટાઇલનું હબ ગણાય છે ત્યારે તેની સુરતને સીધી અસર થશે.

**ભારતથી ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટમાં ઘટાડો થવાની સંભાવના છે, જેની થોડી ઘણી અસર સુરતથી ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટ પર પણ થશે : શ્રી અશોક જીરાવાલા**

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સુરતમાં આશરે ૩૫ હજાર વિવર્સ, ૩૫૦ ડાઇગ એન્ડ પ્રિન્ટીગ મીલ ધરાવનાર ઉદ્યોગકારો, ૨૦૦ નીટર્સ, ૫૦ ટેક્ષ્ચ્યુરાઇઝર્સ, ૧૦ સ્પીનર્સ અને લાખોની સંખ્યામાં ટ્રેડર્સ ભાઇઓ ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે સંકળાયેલા છે. સુરતમાં ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે ૧૮ લાખ લોકોને સીધી રોજગારી મળે છે ત્યારે અમેરિકાના ભારત પર ટેરીફને કારણે લાખો લોકોની રોજગારી પર પણ અસર વર્તાશે. હાલ અમેરિકા દ્વારા વિયેતનામ સાથે ટ્રેડ ડીલ થઇ ગઇ છે. વિયેતનામથી એક્ષ્પોર્ટ થતી પ્રોડકટ પર ૨૦ ટકા ટેરીફ છે ત્યારે ભારત પર લાગેલા ટેરીફને કારણે વિયેતનામને ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટમાં લાભ થવાની સંભાવના છે.

બાંગ્લાદેશથી અમેરિકા ખાતે એલ.ડી.સી. (લીસ્ટ ડેવલપ કન્ટ્રી) પ્રમાણે ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ થાય છે. આ સંદર્ભે આવનારા દિવસોમાં અમેરિકા બાંગ્લાદેશ પર કેટલી ટેરીફ લાદે છે તેના પર ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ નિર્ભર કરે છે. અમેરિકા જો બાંગ્લાદેશ પર ભારતથી ઓછી ટેરીફ લાદશે તો ભારતથી ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટમાં ચોકકસપણે ઘટાડો થવાની સંભાવના છે, જેની થોડી ઘણી અસર સુરતથી ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટ પર થશે.

**અમેરિકાના ટેરિફના પગલે ભારતના ગારમેન્ટ એક્ષ્પોર્ટ અને સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ પર ગંભીર અસરની સંભાવનાઃ શ્રી વિજય મેવાવાલા**

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા ભારત પર ૨૫% ટેરીફ અને પેનલ્ટી લગાવાની જાહેરાતની સૌથી ગંભીર અસર ભારતમાંથી થતા ગારમેન્ટ એક્ષ્પોર્ટ પર જોવા મળશે. તેમણે જણાવ્યું હતું કે, ચીનની સરખામણીએ ભારતનો ટેરીફ અત્યાર સુધી ઓછો રહ્યો છે તેમ છતાં પણ મેન મેઇડ ફાઇબર (MMF) ટેક્ષ્ટાઇલના એક્ષ્પોર્ટમાં ઘટાડો થવાની પૂરી શકયતા છે. સુરત હોમ ટેક્ષ્ટાઇલ અને ફેબ્રિકનું મોટું ઉત્પાદન કેન્દ્ર છે. દેશમાં બનતા ગારમેન્ટસમાં મોટા પાયે સુરતનું ફેબ્રિક વપરાય છે, ત્યારે અમેરિકાના ટેરીફના પગલે સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી પર તેની સીધી અસર થવાની સંભાવના છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતના કુલ એક્ષ્પોર્ટમાંથી લગભગ ૩૦ ટકા એક્ષ્પોર્ટ એકલા અમેરિકામાં થાય છે. મોટા ભાગના આંતરરાષ્ટ્રીય બાયર્સ પણ અમેરિકામાં સ્થિત છે. હજુ સુધી જે આયાત શુલ્ક લાગતું હતું, તે હવે ૧લી ઓગષ્ટથી ડબલ થઇ જશે, જેના કારણે ભારતના ઉત્પાદનો અમેરિકામાં મોંઘા બની જશે. પરિણામે એન્ડ યુઝર્સ ભારતમાંથી આયાત કરેલા પ્રોડકટસ ખરીદવાનું ટાળી શકે છે અને ભારત સિવાયના વિકલ્પો તરફ વળી શકે છે.

વધુમાં તેમણે કહયું હતું કે, ટેરીફમાં થયેલા આ પરિવર્તનથી પેન્ડિંગ ઓર્ડર્સ પર પણ સીધી અસર થશે. અમેરિકાના મોટા બાયર્સ ભારતમાંથી ટેક્ષ્ટાઇલના બલ્ક ઓર્ડર્સ આપે છે. જોકે, ૧લી ઓગષ્ટ પછી આયાત શુલ્ક વધી જવાને કારણે આવા બલ્ક ઓર્ડર્સ પણ કેન્સલ થવાની શકયતા છે. જેના કારણે ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગોને નુકસાન સહન કરવાનો વારો આવી શકે છે. સાથે જ લોકોની રોજગારી પર પણ અસર થઇ શકે છે.

**ટેરીફને કારણે ડાયમંડ, કેમિકલ અને ફાર્મા પ્રોડકટના એક્ષ્પોર્ટને અસર થશે : સીએ મિતિષ મોદી**

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, અમેરિકાના ભારત ટેરીફને કારણે ડાયમંડ, જેમ્સ એન્ડ જ્વેલરી તથા સુરતથી એક્ષ્પોર્ટ થતા સ્પેશિયાલિટી કેમિકલ અને ફાર્મા પ્રોડકટના એક્ષ્પોર્ટને પણ અસર વર્તાશે. સુરતમાં ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં ૧૦ લાખ લોકોને રોજગારી મળે છે. ટેરીફને કારણે ડાયમંડના એક્ષ્પોર્ટમાં ઘટાડાની સાથે ડાયમંડ પોલીશિંગનું પ્રમાણ પણ ઘટી જશે. જેની સીધી અસર ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં કામ કરતા રત્નકલાકારોની રોજગારી પર પડશે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતથી અમેરિકા ખાતે ફાર્મા પ્રોડકટનું એક્ષ્પોર્ટ ૧૦ બિલિયન યુએસ ડોલરનું છે. ખાસ કરીને જેનરીક દવાઓનું એક્ષ્પોર્ટ વધારે છે. સુરત ઉપરાંત અંકલેશ્વર, વાપી અને દહેજમાં સ્પેશ્યાલિટી કેમિકલ તથા ફાર્મા પ્રોડકટ બને છે અને એક્ષ્પોર્ટ થાય છે ત્યારે ટેરીફને કારણે સ્પેશ્યાલિટી કેમિકલ અને ફાર્મા પ્રોડકટના એક્ષ્પોર્ટને અસર થશે.

વધુમાં તેમણે કહયું કે, મેકિસકો, ચાઇના અને યુનાઇટેડ અરબ એમિરાત જેવા દેશોને હાડમારી છે ત્યારે બાકીના અન્ય દેશો જો એક થઇ જાય તો અમેરિકાએ ટેરીફ સંદર્ભે ફેર વિચારણા કરવી પડશે. હવે આવનારા દિવસોમાં ચાઇના, ઇન્ડોનેશિયા, શ્રીલંકા તથા ગલ્ફ કન્ટ્રી પર અમેરિકા કેટલા ટકા ટેરીફ લગાવે છે તેના પર સૌની નજર છે. જ્યાં સુધી અમેરિકા સાથે ભારત ટ્રેડ ડીલ કરશે નહીં ત્યાં સુધી આ ટેરીફ લાગુ રહેશે એવું હાલના તબકકે જણાઇ રહયું છે, આથી ભારતે વહેલી તકે અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવી પડશે.